કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમ્યાન અનાથ બનેલ બાળકો તથા અનાથ બાળકોના પાલક વાલીઓનો રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ પીડીએસ/૧૦-૨૦૧૩/૨૩૬૮/પા.ફા.-૧/ક-૧
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૭/૦૭/૨૦૨૧

**વંચાણે લીધા :-**

(૧) વિભાગનો તા.૧૩/૧૦/૨૦૨૦ નો સમાનાંકી ઠરાવ

(૨) વિભાગનો તા.૨૧/૧૦/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૦-૨૦૧૬/૭૨૮/ક-૧

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૧/૦૬/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક : જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ

(૪) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીના તા.૨૧/૬/૨૦૨૧ અને તા.૨૪/૬/૨૦૨૧ ના પત્ર ક્રમાંક : પીડીએસ/એનએફએસએ/ફા.નં..૪૦૦/૨૦૨૧

**આમુખ :-**

ભારત સરકારે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" પસાર કરતાં રાજયમાં તા.૧/૪/૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ નો અમલ કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ મુજબ રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૮.૭૮ લાખ અને શહેરી વિસ્તારમાં ૧૨૪.૦૬ લાખની વસ્તી અન્ન સલામતી માટે આવરવાની થાય છે. જે અન્વયે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા માટેના ધોરણોમાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે.

કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમ્યાન અનાથ બનેલ બાળકોને સહાય કરવા બાબતે, ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (3) ના ઠરાવથી સામાન્ય ન્યાય અને અધિકારીતા વિભાગે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" અમલમાં મુકેલ છે. સદર ઠરાવના ક્રમ (ડ) માં દર્શાવ્યા મુજબ કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમ્યાન અનાથ બાળકોના પાલક વાલીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ અગ્રતાના ધોરણે લાભ આપવાનું ઠરાવેલ હોઇ અનાથ બાળકો તથા આવા અનાથ બાળકોના પાલક વાલીઓનો રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) ના લાભાર્થી તરીકે સમાવેશ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) માં દર્શાવેલ વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવના ક્રમ-૩ માંની નિર્દિષ્ટ જોગવાઇ અનુસાર, કોવિડ-૧૯ મહામારીમાં અનાથ બનેલ બાળકો તથા આવા અનાથ બાળકોના પાલક વાલીઓનો આવકની મર્યાદાને ધ્યાને લીધા સિવાય નીચે દર્શાવેલ પાત્રતા અને શરતોને આધીન NFSA હેઠળ "અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)" ના લાભાર્થી તરીકે સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાએ નીચે દર્શાવેલ પાત્રતા અને ધોરણો ધ્યાને લઇ નિયમોનુસારની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

પાત્રતા:-

(૧) ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જુથના જે બાળકોના માતા અને પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમ્યાન અવસાન થયુ હોય તેવા બાળકો.

(૨) કોરોનાના સમયગાળા અગાઉ જે બાળકના માતા/પિતા બંનેનું અવસાન થયુ હોય તે બાળકના પાલક માતા/પિતા (Adoptive parents) પણ જો આ કોરોનાના સમયગાળા દરમ્યાન અવસાન પામ્યા હોય તો તેવા ફરીથી અનાથ બનેલ બાળકો.

(3) જે બાળકના એક વાલી (માતા કે પિતા) કોરોનાના સમયગાળા અગાઉ અવસાન પામેલ હોય અને બીજા વાલી(માતા કે પિતા) કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામેલ હોય તો તેવા કેસમાં પણ નિરાધાર થયેલ બાળકો.

(૪) કોરોનાના સમયગાળા દરમ્યાન જે બાળકના માતા-પિતાનું અવસાન થયેલ હોય તેવા બાળકોના પાલક વાલીઓ તથા જે બાળકોના પાલક માતા-પિતા ન હોય તો આવા અનાથ બાળકોના વાલીઓ.

શરતો:-

(૧) કોરોના મહામારીમાં અનાથ બનેલ બાળકોનો ડેટા નિયામકશ્રી, અ.ના.પુ.એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસેથી મેળવી તેઓને અગ્રતાના ધોરણે NFSA અંતર્ગત અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) માં સમાવેશ કરવાનો રહેશે અને NFSA હેઠળ સમાવેશ કરવામાં આવનાર અનાથ બાળકોની માહિતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પૂરી પાડવાની રહેશે. "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" ના અમલીકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે નોડલ વિભાગ તરીકે કાર્યવાહી કરવાની રહેશે.

(૨) નિયામકશ્રી, અ.ના.પુ. એ અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદ તથા સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓને આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચનાઓ પરિપત્રિત કરી ઝુંબેશના ધોરણે આ કાર્યવાહી દિન-30 માં પૂર્ણ કરવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ વિભાગ હેઠળની સંબંધિત યોજનામાં લાગુ પડતા બજેટ સદરે કરવાનો રહેશે.

સદર ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નયના પટેલ)
નાયબ સચિવ
અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.
(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર.
(3) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.
(૪) સર્વે કલેકટરશ્રીઓ.
(૫) સર્વે જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીઓ, રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, (NFSA DGRO), જિલ્લા કલેકટર કચેરી.
(૬) અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.
(૭) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.

<u>નકલ જાણ સારૂ રવાના:-</u>

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(3) માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, બ્લોક નં.૧/૫, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, બ્લોક નં. ૪, ગાંધીનગર.
(૬) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સ્ટેટ ઇન્ફોર્મેટિક ઓફિસર, N.I.C., સચિવાલય, ગાંધીનગર.
(૧૦) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ.ગ્રા.બા.વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
(૧૨) સિલેક્ટ ફાઇલ.